RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૧૭ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અરૂણ એસ.પાઠક
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૦૪–૧૧–૧૧ની અરજીથી જોગાણીમાતા મંદિર રોડ પર આવેલ શિવશંભુ ઈન્ડસ્ટ્રીયલના પ્લોટ નં.૧ જે વિનાયક મારબલના નામથી ઓળખાય છે તે બાંધકામ અંગેની પરવાનગી ઉધનાઝોન તરફથી આપવામાં આવી છે કે નહી, જો પરવાનગી આપી હોય તો તેની રજાચિઠ્ઠીની નકલ આપવા તથા બાંધકામ મંજુર માટે જે દસ્તાવેજ મુકવામાં આવ્યા હોય તેની એટેસ્ટેડ નકલો આપવા તથા તા. ૫–૧૦–૧૧ના રોજ આ ગેરકાયદેસર બાંધકામ અટકાવવા માટે કરેલ અરજીમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૧૭/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૦૪–૧૧–૧૧ની અરજીથી જોગાણીમાતા મંદિર રોડ પર આવેલ શિવશંભુ ઈન્ડસ્ટ્રીયલના પ્લોટ નં.૧ જે વિનાયક મારબલના નામથી ઓળખાય છે તે બાંધકામ અંગેની પરવાનગી ઉધનાઝોન તરફથી આપવામાં આવી છે કે નહી, જો પરવાનગી આપી હોય તો તેની રજાચિઠ્ઠીની નકલ આપવા તથા બાંધકામ મંજુર માટે જે દસ્તાવેજ મુકવામાં આવ્યા હોય તેની એટેસ્ટેડ નકલો આપવા તથા તા. ૫–૧૦–૧૧ના રોજ આ ગેરકાયદેસર બાંધકામ અટકાવવા માટે કરેલ અરજીમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૫૩૭ તા. ૨–૧૨–૧૧થી મળેલ માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત નકલ સહ મોકલવા તેમજ અરજદારની તા.૫–૧૦–૧૧ની અરજી અંગે કરેલ–ન કરેલ કાર્યવાહીની વિગતો જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૭ તા.૯–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા. ૧૫–૧૧–૧૧ના પત્રથી માંગેલ માહિતી,પ્લાન મંજુરી વિગતો પુરી પાડવા છતાં કયા મુદ્દા પરત્વે નારાજગી છે તે તથા ખોટી અને અધુરી માહિતીના દાવાના આધાર સહ વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક/૭૩૯ તા.૬–૨–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક/૫૧૧ તા.૧૫–૧૧–૧૧ થી દસ્તાવેજી ફી ભરવા જણાવેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/ટેક/૫૩૭ તા.૨–૧૨–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૧–૨–૧૨ ના પત્ર થી રજા ચીઠ્ઠીની નકલ, જાહેર માહિતી અધિકારીને તા.૫–૧૦–૧૧ થી કરેલ અરજીની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધના ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૩૭ તા.૨–૧૨–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારની અરજીમાં જોગાણીમાતા મંદિર રોડ પર આવેલ શિવશંભુ ઈન્ડસ્ટ્રીયલના પ્લોટ નં.૧ જે વિનાયક મારબલના નામથી ઓળખાય છે તે બાંધકામ અંગેની પરવાનગી ઉધનાઝોન તરફથી આપવામાં આવી છે કે નહી, જો પરવાનગી આપી હોય તો તેની રજાચિઠ્ઠીની નકલ આપવા તથા બાંધકામ મંજુર માટે જે દસ્તાવેજ મુકવામાં આવ્યા હોય તેની એટેસ્ટેડ નકલો આપવા તથા તા. ૦૫–૧૦–૧૧ના રોજ આ ગેરકાયદેસર બાંધકામ અટકાવવા માટે કરેલ અરજીમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપવા બાબત. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૫૧૧ તા.૧૫–૧૧–૧૧ થી જોગાણીમાતા મંદિર રોડ પર આવેલ શિવશંભુ ઈન્ડસ્ટ્રીયલના પ્લોટ નં.૧ જે વિનાયક મારબલ વાળી મિલકતના બાંધકામને સુરત મહાનગરપાલિકા તરફથી મંજુરી આપવામાં આવેલ છે. તથા સદર બાંધકામના પ્લાન + રજાચીઠ્ઠી ફી માટે રૂા.૯૫/– ભર્યેથી આપવામાં આવશે. તેવુ જણાવેલ. જે અંગે અરજદાર તરફથી તા.૧૮–૧૧–૧૧ ના રોજ રસીદ નં.૬૯૮૦૨ થી રૂા.૯૫/– ભરપાઈ કરવામાં આવેલ. જે મુજબ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૫૩૭ તા.૨–૧૨–૧૧ થી માહિતી અરજદારને આપવામાં આવેલ.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૫૩૭ તા. ૨–૧૨–૧૧થી મળેલ માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા એક નકશો અને રજાચિઠ્ઠી અને નિતિનિયમોની નકલ આપવામાં આવેલ છે. જે માહિતી તદ્દન ખોટી અને અધુરી હોય તેમના ધ્વારા કરેલ અરજીમાં કરાયેલ કાર્યવાહીની કોઈપણ માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ. અરજદારને અત્રેના તા.૯–૧–૧૨ ના પત્રથી જાહેર માહિતી અધિકારીના તા. ૧૫–૧૧–૧૧ના પત્રથી માંગેલ માહિતી,પ્લાન મંજુરી વિગતો પુરી પાડવા છતાં કયા મુદ્દા પરત્વે નારજગી છે તે તથા ખોટી અને અધુરી માહિતીના દાવાના આધાર સહ વિગત રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧–૨–૧૨ ના પુરક પત્રમાં જાહેર માહિતી અધિકારી એ માહિતીના રૂા.૯૫/– ભરાવી એક નકશો જે અમે માહિતીમાં ન માંગેલ હોય તથા બાંધકામની રજાચીઠ્ઠીની નકલ જેમાં બાંધકામની જગ્યાની કોઈપણ વિગત દર્શાવેલ નથી અને અમારી જાણ પ્રમાણે અમને મળેલ રજાચીઠ્ઠી બોગસ હોય તથા કાર્યપાલક ઈજનેરશ્રી ઉધના ઝોનને તા.૫–૧૦–૧૧ ના રોજ કરાયેલ અરજીમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે. તેની માહિતી પણ અમોને આપવામાં આવેલ નથી. જેથી અમોએ ખોટી અને અધુરી માહિતીનો દાવો કરેલ છે. પરંતુ કોઈ આધાર કે પુરાવા રજુ કરેલ નથી. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર તરફથી રજાચિઠ્ઠની નકલ માંગવામાં આવેલ છે અને બાંધકામના મંજુર દસ્તાવેજ સાથેની નકલો માંગવામાં આવેલ છે. આથી જાહેર માહિતી અધિકારીએ તેવા મંજુર પ્લાન અને રજાચીઠ્ઠીની નકલ પુરી પાડેલ છે. આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસેથી કે નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ બાંધકામ બાબતે તેવી માહિતી આપવામાં આવેલ છે. અરજદારે પુરક વિગતોમાં રજાચીઠ્ઠી બોગસ હોવાના કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. અધુરી માહિતી બાબતે અરજદારે તા.૫–૧૦–૧૧ ના રોજ શું કાર્યવાહી કરી તેની દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પડાયેલ નથી. આથી અરજદારની અરજી બાબતે થયેલ અથવા ન થયેલ દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૪–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી તા.૫–૧૦–૧૧ ની અરજી બાબતે થયેલ અથવા ન થયેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ હકીકત લક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ એસ.પાઠક ,